આંતરિક સંબંધો અને સંતોષકારક વળતર પ્રસન્નતા માટે મહત્વના પરિબળો

ભાવનગર શહેરની બેંકોમા કામ કરતા કર્મચારીઓની વિશ્વસનીયતા ઉત્તમ

જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિ.ના MBAના વિદ્યાર્થીઓના સંશોધનનુ તારણ

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસ સાથે ભાવનગરની બેંકોમા કામ કરતા કર્મચારીઓની પ્રસન્નતા પર ત્યાંના વાતાવરણની અસર પર સંશોધન કરવામાં આવ્યું છે. કામમાં ધ્યાન કેન્દ્રિત કરવું દિવસેને દિવસે અઘરું થઈ રહ્યું છે. તેનું મુખ્ય કારણ ચારે બાજુથી આવતું કામનું પ્રેશર છે.મોટીવેશન થીયરીની મદદથી કર્મચારીઓ કાર્ય સ્થળે એકાગ્રતાથી કાર્ય કરી શકે છે તેમજ પ્રસન્નતા અનુભવી શકે છે. કર્મચારીની પ્રસન્નતા માટે કરવામાં આવેલા સંશોધનની પ્રશ્નાવલીના તારણો મુજબ ભાવનગરની બેંકમાં કામ કરતા કર્મચારીઓનું પ્રસન્નતાનું સ્તર સુસંગતતા અને વિશ્વસનીયતાનાં ઉત્તમ સ્તરે હોવાનુ જણાયુ છે.

જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા બેન્કિંગ ક્ષેત્રમાં કામ કરતા જુદા જુદા લેવલના ૯૨ કર્મચારીઓ પર કરવામાં આવેલા સર્વેનાં તારણોનાં અનુસાર, ૯૯ ટકા કર્મચારીઓનાં મત મુજબ જ્યારે તેઓની સાથે યોગ્ય વર્તન કરવામાં આવે તેમજ ઉપરી અધિકારી તેમના ઉપર વિશ્વાસ દાખવે અને પૂરતું મહત્વ આપે ત્યારે કર્મચારીઓ પ્રસન્નતા અનુભવે છે.

૭૦ ટકા કર્મચારીઓ કાર્ય સ્થળ પર હકારાત્મક લાગણી અનુભવે છે

લગભગ ૭૦% કર્મચારીઓ એવું અનુભવે છે કે, તે કાર્ય સ્થળ પર તેઓ હકારાત્મક લાગણીઓ અનુભવે છે. કર્મચારીઓનું એવું પણ કહેવું છે. કે જે કાર્ય કરવું પસંદ છે તેમાં એકાગ્ર રહીને કાર્ય કરી શકે છે.તેમ જ્ઞાનમંજરી ઇનોવેટિવ યુનિ.ના સંશોધનમા તારણ બહાર આવ્યુ છે.

આ સર્વે અનુસાર ૪૦% કર્મચારીઓ અનુભવે છે કે જ્યારે તેઓનું કાર્ય ચેલેન્જિંગ તેમજ ઉત્સાહ ભર્યું હોય છે ત્યારે કર્મચારીઓને યોગ્ય કાર્ય કર્યાની અનુભૂતિ થાય છે અને કર્મચારીઓને કુશળતા અને ક્ષમતાનો ઉપયોગ કરવાની તક મળે છે. લાંબા કામના કલાકો, બિન સહાયક સંચાલકો, નકારાત્મક કાર્ય વાતાવરણ અને નોકરીની સ્થિરતા અંગેની ચિંતા પ્રસન્નતાના અભાવનું કારણ બને છે. માટે તે અભાવને દૂર કરવા એકમોએ યોગ્ય કાર્યની વર્ણવણી, સમાન વળતર અને સકારાત્મક વાતાવરણ આપવું જોઈએ.

જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ.એચ. એમ. નિમ્બાર્ક, ડાયરેક્ટર પ્રોફે. અનિષ વોરા, ડૉ.વિરાગ વ્યાસ અને ડૉ. મનદીપ મજમુદારના માર્ગદર્શન હેઠળ MBAના વિદ્યાર્થીઓ પાર્થિવ પંડ્યા, અરકેશ જાસોલીયા, મીત ડોંડા, પ્રેક્ષા પંડ્યા, કેની શાહ, દ્રષ્ટિ શાહ દ્વારા સંશોધન કર્યુ છે.

સનાળા રોડ ઉપર સમી સાંજે બનેલી ઘટના : તંત્ર મોડેથી આવ્યાનો આક્રોશ

મોરબીમાં નિર્માણાધીન મેડિકલ કોલેજનો સ્લેબ તૂટતા ૪ શ્રમિકો દબાયા, ત્રણને હોસ્પિટલે ખસેડાયા

કાટમાળ નીચે દટાયેલા મજુરને કાઢવા ક્રેઇન-કટરની મદદ લેવાઈ:પૂલ હોનારતની યાદ તાજી

। મોરબી ।

મોરબીના સનાળા ગામ પાસે નવી બની રહેલી મેડીકલ કોલેજનો પહેલા અને બીજા માળનો સ્લેબ સમી સાંજે આંઠેક વાગ્યે ધરાશાયી થતા ચાર જેટલા શ્રમિકો દટાઈ જતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી ફાયર બ્રિગેડ સ્ટાફે ત્રણ શ્રમિકોને બહાર કાઢી હોસ્પીટલે ખસેડ્યા હતા જયારે એક શ્રમિક હજુ દટાયેલો હોય તેને બહાર કાઢવા માટે ક્રેઈન અને કટરની મદદથી કામગીરી શરૂ કરવામાં આવી છે તંત્ર બહુ મોડેથી આવ્યું હોવાનો આક્રોશ મજુરોએ વ્યક્ત કર્યો હતો.

મોરબી જીલ્લાના સનાળા ગામ પાસે નવી બની રહેલી મેડીકલ કોલેજમાં રાત દિવસ કામ ચાલી રહ્યું છે સાંજે આંઠેક વાગ્યે પહેલા અને બીજા માળનો સ્લેબ ભરવાનું કામ ચાલતું હતું ત્યારે અચાનક આશરે ૧૨૦૦થી ૧૩૦૦ ફૂટ જેટલો સ્લેબ ધરાશાયી થતા અફરાતફરી મચી જવા પામી હતી બનાવને પગલે શ્રમિકોમાં દેકારો મચી ગયો હતો આ દુર્ઘટનામાં ચાર જેટલા શ્રમિકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા બનાવની જાણ થતા ફાયર બ્રિગેડ સ્ટાફ દોડી ગયો હતો અને ત્રણ શ્રમિકોને બહાર કાઢી હોસ્પીટલે ખસેડ્યા હતા તે પૈકી એક શ્રમિકનું નામ કમલેશ વાઘલા ઉ.૨૭ હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનામાં હજુ એક શ્રમિક કાટમાળ નીચે દટાયેલો હોય તેને બહાર કાઢવા માટે ડી.ઝાસ્ટર તંત્ર દ્વારા ક્રેઈન દોડાવવામાં આવી હતી તેમજ કાટમાળ કાપવાકટરની મદદ લેવામાં આવી રહી છે. અહીં હાજર મજુરોએ વહીવટી તંત્ર સામે રોષ ઠાલવતા જણાયું હતું કે અહીં મજૂરોની સેફટી માટે કોઈ વ્યવસ્થા રાખવામાં આવી ન હતી તેમજ બનાવ બન્યા પછી ફાયર બ્રિગેડ સ્ટાફ પણ બહુ મોડેથી આવ્યો હોવાનું જણાયું હતુ બનાવને પગલે તંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી છે.

૮૦,૦૦૦ ચો.મી.માં ૪૯૭ કરોડનો પ્રોજેક્ટ

ભૂજની કંપનીને ૪૯૭ કરોડનો કોન્ટ્રાક્ટ અપાયેલો, ટેકો ખસતા સ્લેબ તૂટી પડ્યો

। રાજકોટ ।

મોરબીના સનાળા ગામ પાસે નિર્માણ પામતી મેડિકલ કોલેજનો સ્લેબ તૂટી પડતા પુલ હોનારતની યાદ તાજી થઈ હતી. મેડિકલ કોલેજ માં ૩૦૦ની જાડાઈનો સ્લેબ ભરાયા બાદ એક સાઈડનો ટેકો ખસ્તા દુર્ઘટના સર્જાઈ હોવાનું સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું. મેડિકલ કોલેજ માટે સરકાર દ્વારા ભૂજના કનિરા કન્ટ્રકશન કંપનીને કોન્ટ્રાક્ટર આપવામાં આવ્યો છે.

મેડિકલ કોલેજના સુત્રોએ જણાવ્યું હતું કે, સનાળા રોડ ૮૦ હજાર ચોરસ મીટર જગ્યામાં મેડિકલ કોલેજ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૪૯૭ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. સરકાર દ્વારા ૨૪ મહિનામાં મેડિકલ કોલેજનું કામ પૂર્ણ કરી દેવાનું હોવાથી કોન્ટ્રક્ટર દ્વારા ૫૦૦થીપણ૦ મજૂરો રાખી રાત દિવસ કામ શરૂ કરવામાં આવ્યું છે.

આજે સાંજના ૧૦ વાગ્યાની આસપાસ નિમાણાધિન મેડિકલ કોલેજનો સ્લેબ તૂટી પડ્યો ત્યારે ૫૦૦ જેટલા મજૂરો કામ કરી રહ્યા હતા સદનસીબે માત્ર પાંચ લોકો જ સ્લેબમાં ડટાયા હતા. તેઓને આસપાસમાં કામ કરતા મજૂરોએ તાબડતોબ દોડી જઈ રાહત બચાવનું કાર્ય શરૂ કરી બચાવી લેવામાં આવ્યા હતા.

બે વર્ષમાં કોલેજ ઉભી કરવા રાત-દિવસ ચાલતુ કામ

તળાજાના નેતૃત્વની નવી પહેલ : તાલુકા પંચાયતના પ્રમુખ કહે...

અપડાઉન કરતી વિદ્યાર્થીનીઓની સલામતીની જવાબદારી અમારી

અપડાઉન કરતી દીકરીની સલામતી માટે વ્યવસ્થા ગોઠવાશે : પ્રમુખ

। તળાજા (સંદેશ વ્યૂહો) ।

રાજ્યના એકપણ નેતાઓ પોતાના વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતી દીકરીઓની સલામતી પાછળ સતત એક માસથી વધુ એક એક કલાકનો સમય ફાળવ્યો હોય કે જન પ્રતિનિધિ તરીકે અવી કામગીરી કરવા નો વિચાર શુદ્ધા આવ્યો નહિ આવ્યો હોય ત્યારે ભારુપ સાશીત તળાજા તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા જાત અભ્યાસ કરીને આજે ૧૩૦૦ જેટલી દીકરીઓશ્રાળા ના સંચાલકોને મળીને દીકરીઓની સલામતી માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવાની ખાત્રી આપી હતી.વિદ્યાર્થીનિઓને મળી કોઈ જ ગભવવા ની જરૂર નથી.તેવી હિંમત સાથે આશ્વાસન પૂરું પાડયુ હતું.

માત્ર તળાજાનાજ નેતાઓ નહિ સમગ્ર રાજ્યના નેતાઓ એ બોધપાઠ લેવો જોઈએ તેવી કામગીરી તળાજા તાલુકા પંચાયત ના પ્રમુખ રાણાભાઈ સોલંકી એ કરી છે.તેઓએ જણાવ્યું હતુ કે ભાજપ સંગઠન એ વિશ્વાસ મૂકી તાલુકાના પ્રમુખ તરીકે જે જવાબદારી સોંપી છે. તેને પુરી કરવા મહેનત કરી રહ્યો છું.તેના ભાગ રૂપે ગામડે થી તળાજા એસ.ટી.બસ અને ખાનગી વાહનોમાં અપડાઉન કરતી વિદ્યાર્થીનિઓની સલામતી ની એક પ્રમુખ તરીકે ની પોતાની જવાબદારી સમજી ને છેલા દોઢેક માસથી બસ ડેપોમા જઈ ને એક કલાક બેસવું. બસ મા બેસી ને પણ ખીચોખીચ ગિરદી વચ્ચે આવારા તત્વો દ્વારા જે વર્તન કરવામાં આવે છે તેનું જાત નિરીક્ષણ કરતો હતો.તેના ફળ સ્વરૂપે જે કઈ સામે આવ્યું તે કારણે આજે તળાજા અભ્યાસ અર્થે આવતી દીકરીઓ અને શાળા સંચાલકો ને મળ્યો હતો. આગામી દિવસોમાં એસ.ટી.ડેપો મેનેજર, નિગમના ઉચ્ચ અધિકારીઓ ને વિદ્યાર્થીનિઓ સમયસર પોતાના ઘરે પહોંચી જાય સલામત રીતે તેવી તમામ બાબતો ને લઈ ઘટતું કરવામાં આવશે તેમ જણાયું હતુ.

ભેગાળી શાળાના શિક્ષક વિરુદ્ધ છેડતી ની રાવ

તળાજા તાલુકાના ભેગાળી ગામના ચાલીસેક જેટલા આગેવાનો તળાજા તાલુકા પંચાયત ખાતે દોડી આવ્યા હતા.આ લોકોનો આરોપ હતો કે શાળાના એક શિક્ષક દ્વારા કુમળી વયની વિદ્યાર્થીની સાથે અડપલા કરવામાં આવી રહ્યા છે. ગ્રામજનોએ લેખિતમા પોત પોતાની સહીઓ કરી ને રજૂઆત કરી છે. જેને લઈ તંત્ર દ્વારા સત્ય સામે લાવવા માટે તપાસ હાથ ધરાઈ હોવાનું તાલુકા પ્રમુખ એ ઉમેર્યું હતુ.

ભાવનગર શહેરમાં મુસ્લિમ સેવા દલનું સૌપ્રથમવાર શનિવારે અધિવેશન યોજાશે

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર શહેરમાં સૌપ્રથમવાર મુસ્લિમ સેવા દલ ગુજરાત પ્રદેશનું અધિવેશન દમી માર્ચને શનિવારે યોજાશે. આ અધિવેશનનું સવારે ૧૧-૩૦ કલાકે ગેલેક્સી હોલ, જિલ્લા કલેક્ટર કચેરીની સામે આયોજન કરાયું છે. આ અધિવેશનમાં મુસ્લિમ સમાજના તમામ જમાતના પ્રમુખો, શહેર-જિલ્લાના આગેવાનોનું સન્માન કરાશે. હાજર રહેશે. આ અધિવેશન બિનરાજકીય છે. ભાવનગરના મુસ્લિમ આગેવાનો રઝાકભાઈ મુસાણી સહિત વિવિધ ક્ષેત્રો અગ્રણીઓ હાજર રહ્યા રહેશે.

નર્મદા જળ સંપત્તિ પાણી પરવઠા અને કલ્પસર વિભાગ

ઓન લાઇન ટેન્ડર નોટીસ નં.૧૦ સને ૨૦૨૩-૨૪

કાર્યપાલક ઇન્જીનીયર, અમદાવાદ ડિવાઇન ડિવાઇન, ઓલ્ડ ' સી ' નાગરીકવાડ, વાડજીપુર, ઝાલેશ્વર રોડ અમદાવાદ (ફોન નંઃ૦૭૯ - ૧૨૭૦૧૧૧૧) ખાતા ૧૬ **કામના નેટીસ એક વાક્યમાંક પેટા વિભાગ, અમદાવાદ કમાતના કામ માટે** માટે નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અથવા માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી બંદરજુટ સિલબંધ કિંમત કિં.૫૦ લાખના કુલ ૧ કામ માટે ઓન લાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧. ટેન્ડર ડાઉનલોડ અને ઓનલાઇન સબમિશન કરવાની:

તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૦૩/૦૪૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી

૨. ટેન્ડર ફી, બાનાની રકમ મોકલવાની છેલ્લી :

ટેન્ડર ઓનલાઇન સબમિશન કરવાની છેલ્લી તારીખ પછીના કામકાજના ૩ દિવસ (રજાના રજા.પી.એ.ટી. / સ્થાનિક પોલ્યુટી)

૩. ઓન લાઇન ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : તા.૦૨/૦૩/૨૦૨૪, ૧૨.૦૦ કલાકે.

વિગતવાર ટેન્ડર નોટીસ www. statetenders.gujarat.gov.in પર જોઇ શકાશે. તેમજ જે ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ અને અપલોડ માટે www.nprocure.com જોવાના રહેશે. જો કોઇ સુધારા વધારા કરવાની જરૂરીયાત ઉપસ્થિત થશે તો તે માહિતી www.nprocure.com ઉપર જ મુકવામાં આવશે અને તે બાબત ઇજારદારોએ ધ્યાનમાં રાખવી.

(કમાંક/સંમામિ/અમદ/૧૬૮૬/૨૦૨૪)

GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED

(SPV of Govt. of India and Govt. of Gujarat)

Block No.1, First Floor, Karmayogi Bhavan, Sector 10/A, Gandhinagar: 382010, Gujarat. (CIN): U60200GJ2010SGC059407

TENDER NOTIFICATION NO.: GMRC/Tender Notice/Insurance/2024

Dated : 09 March, 2024

GMRC Limited, a Special Purpose Vehicle of Government of India (GoI) and Government of Gujarat (GoG) formed for the implementation of Metro Rail Project inviting sealed tenders in 3 Packets from Insurance Companies for the **"Inviting for various Insurance Policies for year 2024-25."**

Please visit **www.gujaratmetrorail.com** for eligibility criteria, applying/downloading the tender and for more details. **Last date and time for Bid Submissions is on 21.03.2024 at 18:00 Hrs.**

Any clarification/corrigendum/addendum to the tender documents will be uploaded on GMRC's Website **www.gujaratmetrorail.com** without any obligation or press notification.

Director (Finance)
Gujarat Metro Rail Corporation (GMRC) Limited

Krantiguru Shyamji Krishna Verma KACHCHH UNIVERSITY

Krantiguru Shyamji Krishna Verma Kachchh University invites Applications' for the following regular Teaching posts in various departments of different faculties as per the UGC REGULATIONS 2018, THE GUJARAT PUBLIC UNIVERSITIES ACT 2023 and the Statutes under the act.

No.	Name of the Subject / Department	Name of the Post	No. of Post	Category
01	Earth & Environmental Science	Professor	01	EWS
	Geology	Assistant Professor	01	SC
	Environmental Science	Assistant Professor	01	OPEN
02	Chemistry	Professor	01	SEBC
		Associate Professor	01	ST
		Assistant Professor	01	OPEN
03	Commerce	Assistant Professor	02	1-SEBC 1-OPEN
	Management	Assistant Professor	01	1-ST
04	Education	Associate Professor	01	SC
		Assistant Professor	01	OPEN
05	Sociology	Professor	01	ST
		Assistant Professor	01	OPEN
06	Psychology	Professor	01	SEBC
		Assistant Professor	02	1-SEBC 1-ST 1-OPEN
07	Economics	Assistant Professor	03	1-SEBC 1-ST 1-OPEN
08	English	Assistant Professor	01	1-SEBC
09	Gujarati	Professor	01	OPEN
		Assistant Professor	03	1-EWS 2-SEBC
10	Sanskrit	Assistant Professor	01	1-SEBC
11	Social Work	Assistant Professor	03	1-SEBC 1-EWS 1-OPEN
	Public Administration	Assistant Professor	01	SC
12	History/ Archaeology	Assistant Professor	03	2-SEBC 1-SC
13	Law	Assistant Professor	02	1-PH 1-SC
14	Computer Science	Assistant Professor	04	1-SEBC 1-OPEN 1-SC 1-EWS

Application from along with details of essential qualifications, experience, pay scale, general terms and conditions etc. can be downloaded from the University website http://www.kskvku.ac.in The duly filled application in 05 (Five) copies with required testimonials should reach personally / RPAD to the "Registrar, K.S.K.V. Kachchh University, Bhuj - 370001" on or before Date : 10/04/2024.

Separate application is required for each post; otherwise the application form will be liable to be rejected. A DD of Rs. 1500/- (Rs. 750/- in case of SC/ST/PH candidate) (non refundable) drawn in favour of "The Registrar, K.S.K.V. Kachchh University, Bhuj", payable at Bhuj should be attached with the application form.

* (Those who have a applied earlier for the said post they have to apply again)

DATE : 08/03/2024 (DDI-KUTCH-1210-2023/24) REGISTRAR

આર્બિટ્રેલ એવોર્ડની અપીલમાં કોર્ટ ઉપરવટ જઈ ન શકે : HC

અમદાવાદ : કોઈપણ આર્બિટ્રેલ એવોર્ડની અપીલમાં અદાલત ઉપરવટ જઈ શકે નહી અને કેસના મેરિટની ફરી તપાસ કરી શકે નહી એમ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે એક મહત્વના ચુકાદા મારફતે ઠરાવ્યુ છે. કોર્ટના રેકર્ડ પરના પુરાવાઓની પુનઃ મૂલ્યાંકન કરવાની કોઈ અનુમતિ નથી. ખાસ કરીને ફોરેપ્રક કરાર અથવા દસ્તાવેજના અર્થઘટન પર આર્બિટ્રેલ એવોર્ડમાં દખલ કરી શકાતી નથી. સુપ્રીમકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં આર્બિટ્રેશન એન્ડ કન્સીલીએશન એક્ટ-૧૯૯૬ની કલમ-૩૪ અને ૩૭ હેઠળ દરમ્યાનગીરી કરવાનો અવકાશ ઘણો મર્યાદિત છે.

આર્બિટ્રેશન એન્ડ કન્સિલિએશન એક્ટ-૧૯૯૬ની કલમ-૩૭ હેઠળ દિનદયાળ પોર્ટ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલી ફર્સ્ટ અપીલ ફગાવતાં ચીફ જસ્ટિસના વડપણવાળી ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો. અરજદારપક્ષ તરફથી ૧૨ મહિનાની સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવાની શરત સાથે સંબંધિત કોન્ટ્રાક્ટરને વર્ક કોન્ટ્રાક્ટ આપ્યો હતો અને બાદમાં તેને ફાઈનલ બિલ માટે બોલાવ્યા હતા.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ

માટે સ્વતિંત્રપણે સ્પર્ધાત્મક બિડ આમંત્રણ

સુરત અને રાજ્ય, ગુજરાત અને ગિલ્ટ બિલોના ઈ બીડ કરવામાં

(ઈલેક્ટ્રોનિક્સ સોલ્ટ ઓનલાઈન ઓર્ડર સિસ્ટમ (ઈલેક્ટ્રોનિક્સ ઈલેક્ટ્રોનિક ઓર્ડર ફોર્મ્સ ઓનલાઈન પ્લેસ)

વિગતમાં, કલમ્સ નિયમ 38(C) હેઠળ)

સંક્ષિપ્ત વિગતો

ક્રમાંક	વિગત	વિગત
૧	કોર્પોરેટ ઈન્ડ્રાનું નામ	ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ
	પાન/સીઆઈએન/એલએલપીનો નં. સ્થળે	સીઆઈએન : U36911GJ2010SGC059407
૨	રજિસ્ટર્ડ ઓફિસ સરનામું	બીજો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર માર્ગ, ગાંધીનગર, મૂંગર્ન મૂંગર્ન- ૩૮૦૦૨૦, ગુજરાત, ભારત
૩	ઓનલાઈટ્રન્ટ સુધારાસ્થળ	https://vadrajcementcirp.com/
૪	ખાસ મોટા ભાગની ક્રિકટ ઓફરમાની જે તે કામની વિગત	ગુજરાતના સુરત અને કચ્છ ખાતે સ્થાયેલ કોર્પોરેટ દેવાદારના ક્રિકટલ લોકલ ખાતે સ્થાયમાની કામોર છે.
૫	મુખ્ય ઓડિટર(ઓ)/ઓડાઓની ઓળખ સ્થળ	કંપની અસરરૂ ૧૦.૯૯ ટીએરો ક્રિમ્પ્રન્ટ સુનિટ ૬૩૩ (ગુજરાત) ખાતે અને ૬ કોર્પોરેટોને લિમિટ ઓલ્ટિન્ગ સુરત (ગુજરાત) સુનિટ ખાતે (આર્થિક નિર્ણય) વ્યાવસ્થાન ખાસ્કિલ્સ ૬૩ ૩૩૩ કરાયાં ક્રિટિન ૧૯૩ (આર્થિક નિર્ણય) કામે (ગાર્ડનિક ઓલ્ટ્રાન મુખ્ય)
૬	સેલ્સ નાણાંકીય વર્ષમાં ઓલ્ટોલ મુખ્ય ઓડિટર(ઓ)/ઓડિટરનો પગારો અને મૂલ્ય	લાગુ પડતું નથી (કંપની હાલમાં નિષ્ક્રાર્યરત છે.)
૭	કમ્પનીની/કમ્પનીની ઓળખ	નથી (આ તારીખે, અમ કાયમી ના સીઈઓ જ કાર્ય કરતા નાણાંકી નિષ્ક્રાર્યરત કોર્પોરેટ દેવાદારમાં સેલ કોર્પોરેટ સ્થાયિક કમ્પનીઓ/ કમ્પનીઓ વિશે માહિતી નથી.
૮	બે વર્ષમાં સેલ્સ ઈમ્પ્લાયર નાણાંકીય સ્થળોનો (પરિસ્થિતિ સ્થાનો), ઈન્ડિટરોનો સૂચિ, કર્મચારીઓની અનુગામી દાવાઓનો સંબંધિત તારીખો અઠિતની વધુ વિગતો અહીં ઉપલબ્ધ	તમામ સંબંધિત કરારોનો સ્થળોર ઈ-મેલ અથવાઈ પર ઈ-મેલ કરીને મેલ્સની સ્થાનો vcl.resolution@gmail.com
૯	કમ્પનીની સ્થર(ઓ)/(સેલ) ઈલેક્ટ્રોનિક વિગતોનુ સ્થાયક	તમામ સંબંધિત કરારોનો સ્થળોર ઈ-મેલ અથવાઈ પર ઈ-મેલ કરીને મેલ્સની સ્થાનો vcl.resolution@gmail.com
૧૦	ક્રિકટલ્સની સ્થાયિક તારીખ	૩૦ માર્ચ ૨૦૨૪
૧૧	સંબંધિત ઈલેક્ટ્રોનિક કરારોનોની કરવાવાની માટે પ્રક્રિયા કરવાની તારીખ	૦૯ એપ્રિલ ૨૦૨૪
૧૨	કરવાવાની માટે કરારો સ્થાયિક પ્રક્રિયાની સૂચિ તારીખ	૧૨ એપ્રિલ ૨૦૨૪
૧૩	સંબંધિત ઈલેક્ટ્રોનિક કરારોનોની સંબંધિત માટે પ્રક્રિયા કરવાની તારીખ	૨૩ એપ્રિલ ૨૦૨૪
૧૪	મહિલીનું એલેક્ટ્રન, મૂલ્યાંકન મેટ્રિક્સ તથા સંબંધિત ઈલેક્ટ્રોનિક કરારોનોની ઈલેક્ટ્રોનિક વાલ્યન માટે કરવા જાહેર કરવાની તારીખ	૦૯ એપ્રિલ ૨૦૨૪
૧૫	ઈલેક્ટ્રોનિક વાલ્યન પ્રક્રિયા કરવાની સંબંધિત તારીખ	૦૯ મે ૨૦૨૪
૧૬	ઈલેક્ટ્રોનિક પ્રક્રિયા કરવાનું પ્લેટફોર્મ ઈ-મેલ કરાઈ	vcl.resolution@gmail.com

* રજીસ્ટર્ડ પ્રક્રિયા મૂંગર્ન્ડ કમ્પ્ય કરાર ગયેલ છે

સહી/-
પૂર્ણાંક ગુપ્તા
IBBI/IPA-001/IP-P-02364/2021-2022/13697
ઈન્સોલ્વેન્સી પ્રોફેશનલ્સ કોલ્કાતાની, નોંધી બાદ, વાડીમાં ૧,
ઈન્ડિયન